# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૫-૧૨-૨૦૨૨**

- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે સમગ્ર ગુજરાતના મતદારોનો આભાર માન્યો.**
- **ગુજરાતની પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને જીવંત રાખી તે બદલ સર્વેનો આભાર : શ્રી જગદીશ ઠાકોર**
- **ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે. રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરાં કરવામાં આવશેઃ શ્રી જગદીશ ઠાકોર**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે પહેલા અને બીજા ચરણના મતદાન આજે પૂર્ણ થયા છે અને મતદારોએ પોતાનો મિજાજ દર્શાવ્યો અને સમગ્ર ગુજરાતની પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પરિવર્તનના ઉત્સવને સંકલ્પ સ્વરૂપે મનાવ્યો, લોકશાહીમાં મતદારો જ લોકશાહીને વધુ મજબુત કરે છે મતાધિકારનો ઉપયોગ કરેલ દરેક મતદાતાઓનો કોંગ્રેસ પક્ષ વતી હું ખૂબ ખૂબ આભાર માનું છું.

ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે. રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરા કરવામાં આવશે. ગુજરાતમાં કોંગ્રેસે જે વચનો આપ્યા છે તે પુરાં કરશે કારણ કે કોંગ્રેસનો ટ્રેક રેકોર્ડ છે કે કોંગ્રેસે જે કહ્યું છે તે કરી બતાવ્યું છે.

ફરીથી એકવાર ગુજરાતના બન્ને ચરણના મતદારોનો ખૂબ ખૂબ આભાર કે જેમણે કોંગ્રેસની તરફેણમાં મતદાન કરીને લોકશાહીને મજબૂત બળ પુરું પાડ્યું છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના જુદા જુદા રાજ્યોમાંથી આવેલા સર્વે નેતાગણ, આદરણીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ શ્રી મલ્લિકાર્જુન ખડગેજી, આદરણીય શ્રી સોનિયા ગાંધીજી, શ્રી રાહુલ ગાંધી, આદરણીય શ્રી અશોક ગેહલોતજી, આદરણીય ડો. રઘુ શર્માજી અને એ.આઈ.સી.સી દ્વારા નિયુક્ત સહ પ્રભારીશ્રીઓ તથા ગુજરાત ચૂંટણીમાં જુદા જુદા રાજ્યોમાંથી નિરીક્ષક તરીકે આવનાર નેતાગણ, આદરણીય મુખ્યમંત્રીશ્રીઓ, આગેવાનશ્રીઓ, સ્ટાર પ્રચારકો, પ્રદેશ કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ, દરેક ફ્રન્ટલ, સેલ, ડિપાર્ટમેન્ટના આગેવાનશ્રીઓ, કાર્યકર્તાઓ, પ્રદેશ કોંગ્રેસની મીડિયા ટીમ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના કર્મઠ કર્મચારીગણ તથા સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર ફરીને ચૂંટણીનું કવરેજ કરતા ચોથી જાગીર સમાન મીડિયા કર્મીઓ તથા આ પરિવર્તનના મહાયજ્ઞમાં આહુતિ આપીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કોંગ્રેસ પક્ષની વિચારધારાને સમર્થન કરનારા નામી-અનામી દરેકનો પણ ખૂબ ખૂબ આભાર માનં છં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા
મો. 9898233038